


## સલામી સવારની..

*કહ્યું હતું કોણે? મોટા તાયફામાં રહો?!*
*કહેતા હતા બધા - 'મનમાં' કાયદામાં રહો !*
*'મર્યાદામાં રહો'- સંકેત હતો - રૂપાણીનો પણ -*
*ચાલો 'સહુ'નો સાથ લઈને - ને ફાયદામાં રહો...*
*(હવે 'એકાંત' ભલું થયું!)*

### હાઈકુ

*ફરશે હવે -*
*કાર્યકરો પરથી -*
*'આયુ'નો રથ!*

*કમલં પર -*
*પડ્યાં કોરોના કરાં -*
*ને મૂરઝાયું...*

### ચિંતન

**એકાહરેણ સન્તુષ્ટઃ ષટ્કર્મનિરતઃ સદા ।**
**ઋતુકાલાભિગામી ચ વિપ્રો દ્વિજ ઉચ્યતે ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**એક સમય ભોજન કરવાથી શરીર સ્વસ્થ અને મન પવિત્ર રહે છે અને જે પોતાના કર્તવ્ય પૂરા કરતા રહે છે અને સ્ત્રીનો સંગ કેવળ સંતાનની ઉત્પત્તિ માટે કરે છે ઉપભોગ માટે નહીં એવા બ્રાહ્મણને દ્વિજ કહેવાય છે.**

**જે દેશમાં પ્રત્યેક વર્ણોનાં વ્યક્તિ પોતાના કર્તવ્યોનું પાલન કરે છે તે દેશમાં શાંતિ અને સુખ રહે છે.**

### સુવિચાર

- કાતિલ હી મુહાફિઝ હૈ કાતિલ હી સિપાહી હૈ,
  શીશે કી અદાલત હૈ પથ્થર કી ગવાહી હૈ!! - **સાવનકુમાર**
- પરમાત્માની શક્તિ અમર્યાદ છે, માત્ર આપણી શ્રદ્ધા જ અલ્પ હોય છે - **મહાવીર સ્વામી**
- પરિશુદ્ધ કળાના સર્જન માટે કલાકારનું અંતઃકરણ નિર્દોષ હોવું જોઈએ - **પ્લેટો**
- કર્મનું ફળ પ્રભુ આપવાના જ છે, એવી સમજણ જેના હૃદયમાં છે
  તેના કર્મમાં સુગંધ હોય છે એને બીજા કોઈ તરફથી કદરની અપેક્ષા હોતી નથી - **પાંડુરંગ આઠવલે**
- જે ગરીબી આળસ, વ્યસન, મૂર્ખતા અને નકામા ખર્ચને કારણે આવી હોય તે શરમજનક છે, એ સિવાયની ગરીબી માટે શરમાવાનું ન હોય - **પ્લુટાર્ક**
- હે અસત્યતા !! તું ગમે તેટલું શક્તિશાળી હોઈશ, પણ કદીયે સત્ય તો નહીં જ બની શકે - **ભર્તુહરિ**
- આજનું ઔષધ : સફેદવાળ કાળા કરવા માટે ગળોનાં પાન અને મેંદીના પાન પાણીમાં પીસીને તે લેપ વાળ પર લગાવવો. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિકંદરની હિંસક લડાઈથી મેસોપોટેમિયાના લોકો ત્રાહિમામ પોકારી રહ્યા હતા. સિકંદર અટકવાનું નામ નહોતો લેતો. ત્યારે મેસોપોટેમિયાની પ્રજાએ બદલો લેવા માટે ડાકુગીરી શરૂ કરી હતી. તેમણે સિકંદરના વહાણો લૂંટવાનું, જહાજો ડૂબાડવાનું અને એવા બીજા પ્રકારનું નુકશાન કરવાનું શરૂ કર્યું.

એક વખત આ કૃત્યો કરાવનારનો સરદાર પકડાઈ ગયો. સિપાઈઓએ તેને સિકંદર સમક્ષ હાજર કર્યો.

સરદારને ખાત્રક્ષી હતી કે તેનું મૃત્યુ નજીક છે. તે છતાં તેને નિડરતાથી સત્ય કહ્યું, 'આપ અમારાથી ઘણા મોટા ડાકુ છો! આપ આપના સ્વાર્થ માટે હુમલો કરો છો, જયારે અમે અમારા જાનમાલના રક્ષણ માટે આ કૃત્યો કર્યા છે.'

સરદારના શબ્દો સિકંદરને હૃદય સોંસરવા ઊતરી ગયા. તેણે મેસોપોટેમિયાના લોકો સાથે સંધિ કરી અને શાંતિની ઘોષણા કરી.

અન્યાયનો સામનો વીરતાથી કરવામાં આવે તો અન્યાય થતો અટકી જાય છે.

# કોરોનાના અતિ સંક્રમણમાં રાજકીય ગણતરીઓ

**તંત્રીસ્થાનેથી...**

એક તરફ ટ્રેનો અને મેટ્રો ફરી પાટા પર ચડી રહી છે, ગુજરાતમાં એસટીની નવી વોલ્વો બસોનું ઝુંડ આવી ગયું છે અને બીજી તરફ કોરોના પીછેહઠ કરવાનું નામ નથી લેતો. કોરોનાને નાથવા મથતા ફ્રંટલાઈન વોરિયર્સ પર એણે મજબૂત સકંજો કસી લીધો છે. અનેક ડૉકટરો અને પેરામેડિકલ સ્ટાફ ઉપરાંત સરકારી અધિકારીઓ અને પોલીસદળના માણસો કોરોના સંક્રમિત થઈ રહ્યા છે. મેડિકલ એસોસિએશનને ડૉકટરો માટે 'રેડ એલર્ટ' જાહેર કરવું પડ્યું છે. વિશ્વમાં કદાચ આટલી મોટી સંખ્યામાં ડૉકટરોને ભાગ્યે જ કોઈ મહામારીએ ભયજનક સ્થિતિમાં મૂકી દીધા હશે. કોરોનાની રસી બનાવવા માટે બધા દેશો આકાશપાતાળ એક કરી રહ્યા છે જેમાં રશિયા અને ચીને બાકીના દેશોને પાછળ છોડી દીધા છે. કોરોનાકાળે લોકોને બેહાર કરી મૂક્યા છે, નેતાઓને રઘવાયા કરી દીધા છે અને વિદ્યાર્થીઓની કારકિર્દી સામે પ્રશ્નાર્થો ઊભા કરી દીધા છે. કેન્દ્ર અને રાજય સરકારો પોતપોતાની રીતે અવનવાં ગતકડાં કાઢતી રહી છતાં ભારત કોરોના સંક્રમિત રાષ્ટ્રોમાં 'નંબર ટુ' પોઝિશન પર પહોંચી જ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાળીઓ, થાળીઓ અને દીવાઓથી આકર્ષાઈને કોરોના હવે ભારતમાં જ સ્થાયી થવા માગતું હોય એવો માહોલ સરજાયો છે. બહુ જ થોડા દિવસોમાં કોરોના એક જ દિવસમાં એક લાખથી વધારે કેસ નોંધાશે એવી આગાહી અસ્થાને નથી. કોરોના સામે કામ પાડીને સૌએ જાત સંભાળીને જીવવાનું છે. પણ સૌથી મોટી મુસીબત તો બિચારા શાસક પાર્ટીના પાયાના કાર્યકરોની થવા પામી છે. બધાના માટે જે મર્યાદા થોપાઈ હતી એ ભાજપના નેતાઓ મનસ્વીપણે લોપતા રહ્યા છે. કયારેક અમદાવાદના મુસ્લિમ ધારાસભ્ય લોકસેવા કરતાં કરતાં કોરોનાગ્રસ્ત થયેલા ત્યારે એમના પર જબરાં માછલાં ધોવાયાં હતા. મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી લીધા પછી એમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો એથી ખુદ મુખ્યમંત્રીએ સ્વૈચ્છિક એકાતંવાસ સ્વીકારી દાખલો બેસાડ્યો હતો. પરંતુ 'સુપર ચીફ મિનિસ્ટર' જેવી ભૂમિકા ભજવતા પાર્ટીના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખે એ બધાં નિયંત્રણોની ઐસીતૈસી કરીને પાર્ટીના કાર્યકરોને રૂબરૂ મળવા માટે સમસ્ત ગુજરાત ઘમરોળ્યું. જયાં ગયાં ત્યાં અસંખ્ય કાર્યકરો એમના સ્વાગતમાં ઊમટી પડ્યા અને મોદી પ્રેરિત 'દો ગજ કી દૂરી' કે માસ્કને કોરાણે મૂકી સી.આર. પાટિલ સાહેબની ગુડ બુક અને ગુડ લૂક (નજર)માં વસવા માટે પડાપડી કરી મૂકી. એથી ઘણા ધારાસભ્યો સહિત સ્થાનિક આગેવાનોને કોરોનાનો પ્રસાદ મળ્યો અને 'તબલીગી જમાત'ના નામે વગોવાયેલા મુસ્લિમોની વકીલાત કરનારાઓને મોદીના નીમેલા હાકેમ સામે એમની પાર્ટી સામે અવાજ ઉઠાવવાની તક સાંપડી. ભાજપનું પ્રદેશ કાર્યાલય 'કમલમ્' કોરોનાનું બ્રીડિંગ પોઈન્ટ બની રહ્યું, કારણ કે પ્રદેશ પ્રમુખે એમનું વજૂદ પ્રસ્થાપિત કરવા સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં વાતાનુકૂલિત ચેમ્બરોમાં બિરાજતા મંત્રીઓને વારાફરતી કમલમ્માં આવી કાર્યકરોના પ્રશ્નો સાંભળી એનો નિકાલ કરવાની આજ્ઞા ફરમાવી હતી. ખુદ ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા અને ઉત્સાહી પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ આજકાલ હોસ્પિટલની હવા ખાઈ રહ્યા છે. સ્વાભાવિક રીતે જ ટીકાકારોને પ્રશ્ન કરવાની તક મળી કે શરૂઆતમાં દિલ્હીની નિઝામુદ્દીન દરગાહની જેમ ભાજપનું 'કમલમ્' કાર્યાલય પણ ગુજરાતમાં રહી રહીને કોરોના કેસોમાં આવી રહેલા ઉછાળાનું હોટસ્પોટ તો નથી બની રહ્યું ! મુખ્યમંત્રી વિજય રૂપાણીના વતનના શહેર રાજકોટમાં કોરોનાએ કાળો કેર વરતાવી મૂક્યો છે. રોજેરોજ ત્રીસ પાંત્રીસ લાશો પડી રહી છે. સરકાર હાથ જોડીને બેસી રહી છે અને હજી કેસો ઓછા લાગતા હોય એમ નવરાત્રીની ઉજવણીની છૂટ આપવાના પ્રસ્તાવ પર પોઝિટિવપણે વિચારણા કરી રહી છે! ધન્ય છે. રાજકીય ગણિત માંડતા નેતાઓ કોરોનાની ગંભીરતા કોરાણે મૂકીને નર્મદની જેમ 'યા હોમ' કરવાના મૂડમાં લાગે છે!

## કોન્ફિડન્સ કે સાથ બોલો તો ફિલ્મ ઈન્ડસ્ટ્રી જૂઠ કો ભી સચ માન લેતી હૈ




**કોન્ફિડન્સ કે સાથ બોલો તો ફિલ્મ ઈન્ડસ્ટ્રી જૂઠ કો ભી સચ માન લેતી હૈ.**

**- હિરોઈન**

મધુર ભંડારકર નિર્દેશિત અને કરીના કપૂર અભિનીત આ ફિલ્મ ઈ.સ. ૨૦૧૨માં રિલિઝ થઈ હતી. આ ફિલ્મની અભિનેત્રી તરીકેની પ્રથમ પસંદગી ઐશ્વર્યા રાય હતી. મધુર ભંડારકર વાસ્તવાદી ફિલ્મો બનાવવા માટે જાણીતા છે. આ ફિલ્મ પહેલાં પણ તેમની ચાંદની બાર, ફેશન જેવી ફિલ્મો દર્શકો અને ફિલ્મી ક્રિટીક્સ દ્વારા પ્રશંસા પામી હતી.

આ ફિલ્મની કથા મધુર ભંડારકર, અજિત ધોરપડે અને અનુરાધા તિવારી દ્વારા લખવામાં આવી હતી. સંવાદ પણ મોટેભાગે આ ત્રણેય દ્વારા જ લખાયા હતા. ફિલ્મમાં આ સંવાદ દિવ્યા દત્તાના મુખે બોલાયો છે.

વર્તમાન સમયમાં આ સંવાદ અને તેની યથાર્થતા આપણે સૌ જાણી રહ્યા છીએ. અમુક ઘટનાઓ અને દુર્ઘટનાઓ વ્યક્તિની કે સમાજની સાચી ઓળખ મેળવવામાં કામ લાગે છે. સુશાંત સાથે ઘટી ચૂકેલી ઘટના કે કંગના સાથે ઘટી રહેલી ઘટનાઓ અને તેની પાછળ તથાકથિત તટસ્થ અને સ્પષ્ટ અભિપ્રાય આપવાનું ટાળતા સુપરસ્ટાર્સ અને દિવસ-રાત આપણને સાચી ખોટી ઘટનાઓ દર્શાવતી રહેતી ન્યૂઝ ચેનલ દ્વારા તથા સાચી ઘટનાને પણ કેવી રીતે તોડી મરોડીને લોકો પ્રસ્તુત કરે છે, તે આપણે સાક્ષીભાવે નિહાળી રહ્યા છીએ.

જોવાની ખૂબી એ છે કે, સદીઓ પહેલાંથી આ પ્રકારનો માહોલ પારખી ગયેલા આપણા સંસ્કૃત ગદ્યસમ્રાટ બાણે કાદમ્બરીમાં આ જ રીતની ઉક્તિ લખી છે.

**મિથ્યાપી તત્તથા યથા ગૃહિતં લોકેન । બાણ - કાદમ્બરી**

અસત્ય લોકો દ્વારા અપાયેલું જ સ્વરૂપ લે છે.

આ જમાનો જૂઠનો જમાનો છે, તેવું જ્યારે આપણે કહીએ છીએ પરંતુ સમાજ તો મારા તમારા જેવા લોકોથી જ તો બને છે; તે સત્યથી આંખ આડા કાન કરતા રહીએ છીએ. તમે અને હું જેવું જાણવા માગીશું, જેવું જોવા માગીશું તેવું જ મળવાનું છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

## 'દીપોત્સવી અંક' માટે નવી રચનાઓ મંગાવાઈ




**વૃત્ત સંચય**

● ગાંધીનગર સાહિત્ય સભા, છેલ્લા ૨૩ વર્ષથી ગરવી ગુજરાતી માતૃભાષાને સદાય ધબકતી અને મઘમઘતી-ફોરતી રાખવા કાર્યરત છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અચાનક મળેલા બોનસ સમયમાં, ગાંધીનગર સાહિત્ય સભાના ઘણા સભ્યોની સર્જનશક્તિ ભલીપેરે ખીલી ઊઠી છે અને અનેક નવીન રચનાઓનું અવતરણ થઈ રહ્યું છે; જેને સંગ્રહિત કરી, 'દીપોત્સવી અંક'ના સ્વરૂપમાં સાકાર કરવાનો એક શુભ સંકલ્પ, ગાંધીનગર સાહિત્ય સભાએ કર્યો છે; જે પ્રથમ દીપોત્સવી અંકનું વિમોચન 'લાભપાંચમ'ના સપરમા દિવસે કરવામાં આવશે.

આ અંકમાં માત્ર ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોની જ સ્વરચિત અને અપ્રગટ રચનાઓમાં, ગદ્ય અથવા પદ્ય પૈકી કોઈપણ એક વિભાગમાં; પદ્યમાં- ગીત,ગઝલ,હાઈકુ,સાઈજીકી અને અછાંદસ રચનાઓ તથા ગદ્યમાં-નવલિકા,લઘુકથા, માઈક્રોફિક્શન,લેખ, નિબંધ અને નાટક વિગેરે, ૬૦૦ શબ્દોની મર્યાદામાં અને ગુણવત્તાને આધારે પસંદ થયેલ કૃતિઓનો જ સમાવેશ કરવામાં આવશે. સર્જકે તેમની કૃતિ યુનીકોડ કે શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને, જોડણી તથા વ્યાકરણના પ્રુફ સાથેની અને તાજેતરના એક ફોટા સાથે; સાહિત્ય સભાના ઈ-મેઈલ આઈડી gsahityasabha@gmail.com ઉપર તા.૧૮-૧૦-૨૦૨૦ સુધીમાં મોકલી આપવાની રહેશે તથા સભ્યપદ માટે, સંસ્થાના પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ અજય રાવલનો સંપર્ક, મો. નં. ૯૭૨૩૧ ૩૨૮૯૨ ઉપર કરવા, સંસ્થાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા જણાવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

# લોકડાઉનના માહોલમાં...એકાંતયાત્રા




જીવનમાં કેટલીક ઘટનાઓ એવી જોવા મળે છે કે જેની સ્મૃતિ ચિરકાળ સુધી ટકી રહે છે. આજ પ્રકારે સમાજ જીવનમાં પણ સમગ્ર સામાજીક તેમજ આર્થિક વ્યવસ્થાને મૂળમાંથી હચમચાવી નાખે તેવા બનાવો બનતા હોય છે. નજીકના ભૂતકાળમાં કચ્છના ધરતીકંપની ઘટના કે મોરબીના વિનાશકારી જળપ્રકોપની એ આવી ઘટનાઓ હતી. વર્તમાન સંદર્ભમાં કોરોના-૧૯ ની ઘટના એ પણ સમગ્ર જગતના ઈતિહાસમાં સ્થાયી તેમજ ઊંડી છાપ મૂકીને જાય તેવી ઘટના છે. સ્વાભાવિક છે કે તેના પર ઘણાં સંશોધન થશે. ઘણું બધુ લખાશે. ભાવી પેઢીઓ આ અનિશ્ચિત તેમજ ભયાવહ પ્રસંગો વાંચીને વિસ્મિત પણ થશે. જીવન જીવવાની કેટલીક પ્રથા કે પધ્ધતિઓ પર ફરી વિચાર થશે.

કોરોના-૧૯ ના સંદર્ભમાં પણ ઘણી બધી ચર્ચાઓ શરૂ થઈ છે. અલગ લોકોના ભિન્ન ભિન્ન મત – મતાંતરો સતત સમાચારપત્રોમાં તેમજ ઈલેકટ્રોનીક – સોસીયલ મીડીયામાં પડઘાતા રહે છે. કદાચ આવનારા લાંબા સમય સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે. આ ઘટના વિશ્વવ્યાપી છે તેથી તેની ગંભીરતા અનેક ગણી વિશેષ છે. કોરોના સમી ગયા પછી પણ તેના વંટોળને ઠરીઠામ થવામાં સમય જશે. અનેક લેખકો – વિચારકો તેમજ વક્તાઓ પણ તેના પર બોલતા – લખતા થયા છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે. આ સંદર્ભમાં જોઈએ તો પ્રિય જગદીશ ત્રિવેદી (સુરેન્દ્રનગર–અમદાવાદ)એ 'મારી એકાંતયાત્રા' (પ્રકાશક : વિશ્વ ગુજરાતી સમાજ) લખીને દસ્તાવેજીકરણની આ પ્રક્રિયાની વહેલા જાગીને છડી પોકારવાનું ઉચિત તથા પ્રશંસનીય કાર્ય કર્યું છે. આપણી શ્રધ્ધાનું કેન્દ્ર એવા માધવપ્રિયસ્વામીનું એક મનનીય વિધાન ડૉ. જગદીશભાઈના પુસ્તકમાં છપાયું છે. માધવપ્રિયસ્વામી આમ પણ તેમની મૌલિક્તા માટે જાણીતા છે. પોતાનાજ તપ અને તપશ્ચર્યાના તેજથી પ્રકાશિત એવા સ્વામી એકાંત તેમજ એકલતાનો ભેદ સમજાવે છે. સ્વામી કહે છે : ''એકાંત માણસને ડાહ્યો બનાવે અને એકલતા માણસને ગાંડો બનાવે છે.લ્લલ્લ જગત અને જીવનમાં કદાચ વખતોવખત માણસ અશાંતિનો અપ્રિય અનુભવ કરતો હશે. આથી માનવીના મરણને દર્શાવવા માટે ચિર શાંતિમાં પોઢી ગયા તેમ કહેવાતું હશે. વ્યક્તિગત ઝંઝાળ કે અશાંતિને મનુષ્ય સાધના કે મનોબળના હથિયારોથી પહોંચી વળવાનો પ્રયાસ કરે અને સફળ પણ થાય. પરંતુ સામાજિક – આર્થિક અને તે પણ વૈશ્વિક કક્ષાની સમસ્યા સામે માણસ પોતાની અસહાયતા જોતો – સમજતો તેમજ મને કમને સ્વીકારતો થાય છે. દાદા ભગવાન કહેતા તેમ 'બન્યું એજ ન્યાયલ્લ એ વાત સ્વીકારવી મુશ્કેલ હોવા છતાં તેનો સ્વીકાર કરવાનો જાગૃત પ્રયાસ કરે છે. જોકે જેમણે સ્વજન પોતાની નજર સામે ગુમાવ્યા હોય તેના ઘાવ ઊંડા અને અમીટ હોય છે. ફરી ક્યારેય આ ગયેલા સ્વજનને મળી નહિ શકાય તેનો ઊંડો વસવસો પીડાદાયક હોય છે. દુહો છે :

મળશું મેળે ખેળે,
મળશું ગામ ગયે,
નહિ મળીએ સજણા,
જેદી ધરતીઢંક થીયે.

''માણસ (કોરોના) વાયરસને મારી શક્યો નથી પરંતુ વાયરસે ઘણાં માણસોને મારી નાખ્યા છે. આથી એ બાબત સાબિત થાય છે કે વાયરસ ભલે સૂક્ષ્મ છે પરંતુ મનુષ્ય તેનાથી પણ વધારે સૂક્ષ્મ સાબિત થયો છે.' તેવું લેખકનું વિધાન યથાર્થ છે. જોકે ઘરના સભ્યોને એકબીજા સાથે રહેવાનું થયું, એકબીજાને ઉપયોગી થવાનું (ફરજિયાત હોય તો પણ) થયું તે આડકતરા આશીર્વાદ સમાન ઘટના છે. મકાન એ મકાન મટીને 'ઘર' થયું તે પરિવર્તન પણ જગદીશભાઈએ નોંધ્યું છે. મહીલાઓને સામાન્ય રીતે કેટલાક ઘરકામોમાં પુરૂષો મદદ કરતા નથી તે કરતા થયા. નીકટતાને કારણે સબંધોની ઉષ્મા વિશેષ પ્રકાશમાં આવી. લાંબી દોટમાં પડેલા આપણે સૌ થોભવા કે વિચારવા તૈયાર ન હતા તે કરતા થયા. અનેક લોકોએ સરકારની કે બહારની મદદની રાહ જોયા સિવાય સ્વેચ્છાએ પોતાના ગજા ઉપરવટ જઈને પણ ભલાઈના – મદદ પહોંચાડવાના ઉજળા પ્રયાસો કર્યા. આવી માનવતા જે મહોરી ઊઠી તે દર્શાવે છે કે માનવીમાં હજુ પણ ઊંડે ઊંડે શેઠ જગડુશા જીવે છે અને તક મળે તો પ્રગટ થાય છે. માનવીને જાણે કે પરમ તત્વને હીસાબ આપીને કૃતકૃત્ય થવાનો અવસર અનાયાસે સાંપડી ગયો ! ઝાલાવાડનાજ કવિ 'મીન પિયાસી' ને યાદ કરીએ :

પરમેશ્વર તો પહેલુ પૂછશે
કોઈનું સુખદુઃખ પૂછ્યું તું ?
દર્દ ભરેલી આ દુનિયામાં
કોઈ આંસુ લૂછ્યું તું ?
ત્યારે ગેં ગે ફેં ફે થઈને
કહેશો
હેં.. હેં.. હેં.. હેં.. શું ? શું ? શું ?
આ કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ.

આચાર્ય રજનીશ એ આપણાં પ્રખર વિચારક તેમજ જ્વલ્લેજ જેમનો જોટો મળે તેવા મૌલિક ચિંતક છે. લેખક કોરોનાના સંદર્ભમાં તેમનો એક વિચાર ટાંકે છે. ૧૯૭૦માં જ્યારે ઓશો અમેરિકામાં હતા ત્યારે કોલેરા સમાન ગણાય તેવી એક મહામારીનો અનુભવ અમેરિકાના કેટલાક ભાગોમાં અનુભવાતો હતો. કોઈએ ઓશોને પૂછ્યું : ''આ બીમારીથી બચવાનો શો ઉપાય છે ?'' ઓશોએ ત્વરીત પોતાની આગવી લાક્ષણિક્તાથી જવાબ આપ્યો : ''તમે પ્રશ્ન જ ખોટો પૂછી રહ્યા છો. કોઈપણ મહામારીથી બચવું આસાન છે પરંતુ એ મહામારીના ડરથી બચવું મુશ્કેલ છે. ડર સૌથી ખતરનાક વાયરસ છે.'' ઓશોનું આ વિધાન આજના માહોલના સંદર્ભમાં ખૂબ પ્રસ્તુત છે.

જીવનનો પ્રવાહ એ સતત વહેતો રહેવાનો છે. નિત્ય પરીવર્તન એ માનવ જીવનમાં સહજ તથા સ્વાભાવિક છે. નાની મોટી ઘટનાઓને છોડી યાત્રા આગળ વધારવાનો સહજ ધર્મ છે. ભૂતકાળમાં પણ તેમજ થયું છે. તેમાંથી જે પાઠ મળે તેને જરૂર ભવિષ્ય માટે ખપમાં લઈ શકાય. વ્યક્તિગત કે સમાજ જીવનની કેટલીક પ્રક્રિયાઓ ફરીથી અલગ ઢાંચામાં ગોઠવી શકાય. સુંદર દ્રષ્ટાંતોથી શોભાયમાન તેવા પુસ્તકનું આગવું મહત્વ છે. જગદીશભાઈના સમયસરના આ સુંદર પ્રયાસનું સ્વાગત છે.

# શિક્ષણ આત્મનિર્ભર બને એવો ગાંધી વિચાર




નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ શિક્ષણ થકી સમાજ જીવન વિકાસમાં આમૂલ પરિવર્તન સૂચવતા સૂચનો કર્યા છે. આ સૂચનોનો અમલ આગામી દિવસોમાં અમલી બનશે પરંતુ આજથી ઘણા વર્ષો પહેલાં ગાંધીજીએ દેશને અને દેશના પરિવારો તેમના સંતાનોને ધ્યાનમાં રાખીને વર્ધા યોજના રુપે શિક્ષણ વિષયક વિચારો રજૂ કર્યા હતા. એ સમયે આ શિક્ષત નીતિ નવીન વિચારો દર્શાવતી હતી. આ યોજનામાં કેવા મુદ્રા સમાયેલા હતા એ આપણે સમજવા જેવું છે. આજે જયારે આપણે 'શિક્ષિત બેરોજગારી' અને 'બ્રેઈન ડ્રેઈન' ની મુશ્કેલી અનુભવી રહ્યા છીએ ત્યારે વર્ધા યોજનામાં સમાવિષ્ટ બે અગત્યના મુદ્દાઓની છણાવટ જરૂરી થઈ પડે છે.

વર્ધા યોજનામાં ગાંધીએ મુખ્ય બે બાબતો સ્પષ્ટ રજૂ કરી હતી. (૧) કોઈ પણ હસ્તઉદ્યોગની આસપાસ બધી કેળવણી વણવામાં આવે અને (૨) ને હાથઉદ્યોગ વડે તૈયાર થતો માલ આર્થિક રીતે એટલો લાભદાયક હોય કે જેથી કેળવણીનો ખર્ચ એટલે કે શિક્ષકોનો પગાર નીકળી જાય. આ બે વિચારો જયારે જાહેર થયા ત્યારે અવ્યવહારુની સાથે નવા સવા પણ લાગ્યા હતા. ભારતીય શિક્ષણ વ્યવસ્થા કે પદ્ધતિમાં આજદિન સુધી આ રીતના શિક્ષણનો કોઈ વિચાર થયો ન હતો. સ્વાભાવિક છેકે આજના સંદર્ભમાં કદાચ કોઈ શિક્ષકોના પગાર સંબંધે વિચારે તો એ સ્વનિર્ભર શિક્ષણ સંસ્થા ગાંધીનો વિચાર હતો એમ કોઈ કહી શકે. પણ એ કહેનારની સમજણ કાચી કહેવાય કારણ કે પગાર જેટલો હાથઉદ્યોગમાંથી માલ પેદા થાયને શિક્ષણને મહેનતાણું મળી રહે એ ખરું પણ સામે પક્ષે વિદ્યાર્થીની ફી વાલી ભરે એવું નથી. કેળવણીનો વળોટ જ એવો વિચારાયો હતો કે બહુ સહજતાથી આર્થિક પ્રશ્ન ઉકેલી શકાય. ગાંધી આ વિચાર વખતે 'અન વ્હાઈલ યુ લર્ન' એ વિચાર પણ આમાં જોડતા નથી.

## શાળાનો ઠોઠ ગણાતો વિદ્યાર્થી જીવનમાં સફળ કેમ થાય છે?

આજે પણ બધા સ્વીકારે છે કે આપણી શિક્ષણ પ્રથા સાવ ખરાબ છે. અનેક ઉણપો છે, આપણે અહીં તો ચર્ચામાં સામેલ કરીશું અને સાથે ગાંધીએ રજૂ કરેલા બંને મહત્ત્વના મુદ્દાઓ પણ સમજશું.

ગાંધીએ 'વર્ધા યોજના' ના વિચારો જાહેર કર્યા હતા તે સમયથી માંડીને આજ દિન સુધીમાં શિક્ષણ વ્યવસ્થાની કચાશ એવી છે કે આપણી શિક્ષણ પ્રથા નરી બૌદ્ધિક છે. જીવન અને વાસ્તવિકતાથી વેગળી છે. બુદ્ધિપ્રધાન ખરી પરંતુ સંકુચિત અર્થમાં છે. વસ્તુઓનું શાબ્દિક કે ચિત્રાત્મક વર્ણન કરવામાં આવે છે. શિક્ષણ લખાયેલા - વંચાયેલા અને સંભળાયેલા શબ્દો ઉપર અવલંબતું હોઈ યાદદાસ્ત સાથે જ જોડાયેલું છે. આજના શિક્ષણને પ્રત્યક્ષ હકીકતો અને વ્યવહારું જ્ઞાન સાથે ઓછી લેવાદેવા છે. વૈજ્ઞાનિક અખતરા - પ્રયોગો સાથે શિક્ષણ નથી. શિક્ષણ પ્રથા ક્રિયાશૂન્ય વર્ણનાત્મક અને પરોક્ષ છે. પ્રત્યક્ષ જ્ઞાનનો અભાવ છે. પુસ્તકીયું જ્ઞાન અને દિશાશૂન્ય શિક્ષણ છે, એમ પણ કહી શકાય.

આ ઉપરાંત શરીર શ્રમની દષ્ટિએ પણ આખી શિક્ષણ પ્રથા વિદ્યાર્થીઓમાં રસ જગાડે તેવી નથી. લગભગ રિશેષ સમય અને અઠવાડિયામાં એક દિવસ વધુમાં વધુ એક કલાકને બાદ કરતાં શાળા સમય દરમિયાન વિદ્યાર્થીને પૂરેપૂરો એક ઓરડામાં કેદ રાખે છે. તાજી હવા, તડકો, ઠંડી, પ્રકાશથી વિદ્યાર્થીને વંચિત રાખે છે. શિક્ષણ વિદ્યાર્થીની શક્તિ ખીલવવામાં કામ નથી આવતું. બુદ્ધિનો દેખાંડો એમાં છે પણ એ 'ટ્વિંકલ ટ્વિંકલ લિટર સ્ટાર' કે 'બાબા બ્લેકશિપ' ના પોપટીયા સ્મરણ જ્ઞાનથી વધુ કશું આપી શકતું નથી.

શિક્ષણ પદ્ધતિ દ્વારા કુશળ વાચાળો પેદા થાય છે. પરિણામે દેશની, રાજયની ઘર-પરિવારની કોઈ પણ સામાજિક સમસ્યાઓ સમયે પણ આવું શિક્ષણ પામેલી પેઢીના વિદ્યાર્થીઓ આર્મ ચેર એક્ટિવિસ્ટનો રોજ ભજવે છે. પછીએ સ્વચ્છતા અભિયાન હોય કે બીજું કંઈ પણ. કારણ કે એને બેઠા બેઠા જ વૈશ્વિક પ્રશ્નો ઉકેલી નાંખવાની ભ્રામિક કેળવણી જ એને શાળેય જીવનમાં મળી છે. અને શાળા જીવનની આવી બીબાઢાળ બેસી રહેવાની તાલીમને આપણે કેળવણી માની લીધી છે.

શાળાના વર્ગોમાં તેઓ જે પામે છે અને જયારે સમાજજીવનમાં એ 'જ્ઞાન' ભાથા સામે જાય છે ત્યારે વાસ્તવિકતા સાથે તેમનો ભેટો થાય છે. જે પ્રશ્નો અને તેના ઉકેલો ચોપડીમાં ભણ્યા હતા એનાથી તદન જુદા જ પ્રશ્નો તેમની સામે ઊભા હોય છે. અને યુવાઓ માટે જંગલમાં ભૂલા પડેલા જેવી સ્થિતિ આવે છે. નિશાળના વર્ગોમાં જે આવડત તેમની બિરદાવવામાં આવી હતી તેવા વિદ્યાર્થીઓ માટે શિક્ષક-વાલી અને આખા સમાજની માન્યતા ખોટી પડે છે. ઘણીવાર એવું પણ બને છે કે જે વિદ્યાર્થીઓએ ચોપડીઓ તરફ ધ્યાન ના આપ્યું હોય અને જેને શિક્ષક અને સાથી વિદ્યાર્થીઓએ 'ઠોઠ નિશાળિયા'નું બિરુદ આપ્યું હોય તેઓ વિદ્યાર્થી પછીની જિંદગીમાં સારા પરિણામ લાવતા જોવા મળે છે. જાણે કે ચોપડીઓ તરફ દુર્લક્ષ સેવવાને કારણે જ તેમને સફળતા મળી હોય !

પુસ્તકીયા જ્ઞાન તરફ દુર્લક્ષ સેવવાના કારણે જ ઠોઠ ગણાયાં હોય તેઓનું જીવનની પાઠશાળામાં સફળ થવાનું કારણ કદાચ એ જ હોય એવી સ્થિતિ ઘણા કિસ્સાઓમાં જોવા મળે છે. ચોપડી તરફ રસ ના દાખવવાના કારણે તેમની પોતાની જાત ઉપર ટટ્ટાર પગે ઊભા રહેવાની જરૂર પડે છે. પરિણામે તેનામાં પહેલ કરવાની વૃત્તિ ઊભરે છે અને એ એક શક્તિ તરીકે વિકસે છે. આથી તેમનું મગજ પણ વિકસે છે. એટલું જ નહીં પણ તેમની અન્ય શક્તિઓ પણ વિકસે છે. શાળામાં તેમના કરતાં માર્કશીટમાં ચડિયાતા વિદ્યાર્થીઓ નિષ્ફળ નીવડે ત્યાં તેઓ સફળ નીવડે છે.

(વધુ આવતાં અંકે...)